(૧૦)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૪)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. આશાતના વડે | **આસાયણાએ** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૨. અંગોપાંગ છેદ | **નિલ્લંછણકમ્મે** | **સાતમા વ્રતમાં** |
| ૩. ઉતાવળથી લેવા વડે | **સહસાગારે** | **બીજા શ્રમણસૂત્રમાં** |
| ૪. સૂત્રરૂપ આગમ | **સુત્તાગમે** | **પ્રતિક્રમણના ચોથા પાઠમાં** |

**(આ) પાઠ પૂર્તિ કરો.** **(૬)**

૧. વેરમણં **કન્નાલિક ગોવાલિક ભોમાલિક થાપણમોસો** મોટકી

૨. મણંતં **ચ જિણં ધમ્મં સંતં ચ વંદામિ** કુંથું

૩. કિરિયાહિં **કાઈયાએ અહિગરણયાએ પાઉસિયાએ પારિતાવણિયાએ** પાણાઈવાય

(૭૫)

**પ્ર.૨ (અ) દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.** **(૨૫)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. વયં ચ **વિત્તિં લબ્ભામો, ણ ય કોઈ ઉવહમ્મઈ । અહાગડેસુ રીયંતે, પુપ્ફેસુ ભમરા** જહા ॥

**અર્થ : જેમ ભમરો વૃક્ષોના ફૂલોમાંથી તેને પીડા પહોંચાડ્યા વગર રસ પીએ છે, તેમ અમે સાધુ પણ ગૃહસ્થો એ પોતાના માટે બનાવેલા આહારની એવી રીતે ભિક્ષા લેશું કે જેથી કોઈપણ જીવની વિરાધના ન થાય અને દેનાર ગૃહસ્થને પણ દુઃખ ન થાય.**

૨. સમાઈ **પેહાઈ પરિવ્વયંતો, સિયા મણો નિસ્સરઈ બહિદ્ધા ।**
**ણ સા મહં નો વિ અહં પિ તીસે, ઈચ્ચેવ તાઓ વિણઈજ્જ** રાગં ॥

**અર્થ : સમભાવની પ્રેક્ષાથી વિચરતા સાધુનું મન કદાચિત્ બહાર નીકળી જાય તો તે સ્ત્રી મારી નથી અને હું પણ તેણીનો નથી. આ પ્રકારની ચિંતવણા કરી તે સ્ત્રી પરથી પોતાના રાગભાવને દૂર કરે.**

૩. અટ્ઠાવએ **ય નાલીએ, છત્તસ્સ ય ધારણટ્ઠાએ । તેગિચ્છં પાહણાપાએ, સમારંભં ચ** જોયણો ॥

**અર્થ : (૧૮) અટ્ઠાવીએ – જુગાર રમવો (૧૯) નાલીએ – પાસાનો જુગાર રમવો (૨૦) છત્તસ્સ ય ધારણટ્ઠાએ – છત્રને ધારણ કરવું (૨૧) તેગિચ્છં – દવા–ચિકિત્સા કરવી (૨૨) પાહણાપાએ – પગરખાં આદિ પગમાં ધારણ કરવા (૨૩) સમારંભં ચ જોયણો – અગ્નિનો આરંભ કરવો.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૭)**

૧. ૪૫ થી ૪૮ અનાચાર કયા છે? તે અર્થ સાથે લખો. (૪)

**જ. (૪૫) ધૂવણે – વસ્ત્ર આદિને ધૂપ આપી સુગંધિત કરવા. (૪૬) વમણે – ઔષધ આદિથી વમન કરવું. (૪૭) વત્થી કમ્મ – મળની શુદ્ધિ માટે એનીમા વગેરે લેવા. (૪૮) વિરેયણે – રેચ, જુલાબ લેવો.**

૨. જ્ઞાની પુરુષો કેવા હોય છે? (૧×૩)

**જ. જ્ઞાની પુરુષો મધુકર ભમરા જેવા અનિશ્રિત હોય છે.**

૩. વમેલા વિષને ફરીથી પીવા કોણ ઈચ્છતું નથી?

**જ. અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો વમેલા વિષને ફરીથી પીવા ઈચ્છતા નથી.**

૪. રહનેમિ ધર્મમાં કેવી રીતે સ્થિર થઈ ગયા?

**જ. જેવી રીતે અંકુશ વડે હાથી સ્થિર થઈ જાય તેમ તે રહનેમિ ધર્મમાં ફરી સ્થિર થઈ ગયા.**

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | | |
|---|---|---|
| ૧. કેઈ – **કેટલાક** | ૨. ભોત્તું – **ભોગવવાને** | ૩. ગિહિણો – **ગૃહસ્થની** |
| ૪. મુક્ત – **મુત્તા** | ૫. કોઇ – **કોઈની** | ૬. જાયા – **જન્મેલા** |

**(૪) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો. (૩)**

૧. પાલન કરશે – **કુજ્જા** ૨. પીડા આપતો – **કિલામેઈ** ૩. શત્રુ – **રિપુ**

**(આ) નિયંઠાના આધારે જવાબ લખો. (૨૫)**

**(૧) નીચેનામાંથી કોઈપણ બે દ્વાર લખો. (૫)**

૧. કાળ દ્વાર (બારમો) – **છ એ નિયંઠા મહાવિદેહ ક્ષેત્રમાં હોય. (કારણ ત્યાં સદા નોઉત્સર્પિણી નોઅવસર્પિણી કાળ છે.**

**પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતક અવસર્પિણી કાળમાં ૩ જે–૪ થે આરે જન્મે અને ૩ જે–૪ થે–૫ મે આરે પ્રવર્તે. ઉત્સર્પિણી કાળમાં ૨ જે–૩ જે–૪ થે આરે જન્મે અને ૩ જે–૪ થે આરે પ્રવર્તે. પુલાકનું સંહરણ ન થાય પણ નિર્ગ્રંથ અને સ્નાતક સંહરણ અપેક્ષાએ અન્ય કાળમાં પણ હોય.**

**બકુશ, પડિસેવણા અને કષાયકુશીલ અવસર્પિણી કાળમાં ૩ જે–૪ થે–૫ મે આરે જન્મે અને ૩ જે–૪ થે–૫ મે આરે પ્રવર્તે. ઉત્સર્પિણી કાળમાં ૨ જે–૩ જે–૪ થે આરે જન્મે અને ૩ જે–૪ થે આરે પ્રવર્તે. મહાવિદેહમાં સદા હોય.**

૨. અંતર દ્વાર – **(અંતર એટલે એક નિયંઠો પોતાનો નિયંઠો એકવાર છોડ્યા પછી કેટલા કાળ બાદ પોતાના નિયંઠાને ફરીથી પ્રાપ્ત કરી શકે?)**

**પ્રથમ પાંચ નિયંઠાને અંતર પડે તો એક જીવ આશ્રી જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશે ઊણા અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ સુધી. સ્નાતકને એક જીવ અપેક્ષા કોઈ અંતર ન પડે.**

**ઘણા જીવ અપેક્ષા પુલાકને જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષ. નિર્ગ્રંથને જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ છ માસ. શેષ ચાર નિયંઠાને અંતર ન પડે. (મહાવિદેહની અપેક્ષાએ શાશ્વતા હોવાથી.)**

૩. સંયમ સ્થાન દ્વાર – **પ્રથમ ચાર નિયંઠામાં અસંખ્યાતા સંયમ સ્થાન છે. નિર્ગ્રંથ અને સ્નાતકમાં સંયમ સ્થાન એક જ હોય.**

**અલ્પબહુત્વ – સર્વથી થોડા નિર્ગ્રંથ અને સ્નાતકના સંયમ સ્થાન (તુલ્ય), તેથી પુલાકના સંયમ સ્થાન અસંખ્યાતગુણા, તેથી બકુશના સંયમ સ્થાન અસં.ગુણા, તેથી પડિસેવણાના સંયમ સ્થાન અસં.ગુણા, તેથી કષાય કુશીલના સંયમ સ્થાન અસંખ્યાતગુણા.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨૦)**

૧. પડિસેવણા અને નિર્ગ્રંથ કઈ ગતિ અને સ્થિતિ પામે? પાંચ પદવીમાંથી કેટલી પદવી પામે?

**જ. પડિસેવણા ગતિ – જ. સુધર્મ દેવલોક, સ્થિતિ – પ્રત્યેક પલ્ય ઉ. અચ્યુત દેવલોક ૨૨ સાગર. ૫ પદવીમાંથી પ્રથમ ૪ ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ પદવી પામે.**

**નિર્ગ્રંથ ગતિ – ૫ અનુત્તર વિમાન, સ્થિતિ – અજઘન્ય અનુત્કૃષ્ટ ૩૩ સાગર તથા મોક્ષ સાદિ અનંત. ૫ પદવીમાંથી અહમેન્દ્ર થાય.**

૨. સ્નાતક એટલે શું? તેના પહેલા બે ભેદ લખી તે બંને ભેદ કયા ગુણસ્થાને હોય?

**જ. શુદ્ધ, અખંડ, સુગંધિત ચોખા જેવા ચારિત્રવાળા. ૧) અચ્છવી – યોગ નિરોધના કારણે જેમાં છવિ (શરીર) ભાવ ન હોય તે. તે ૧૪ મે ગુણસ્થાને હોય. ૨) અસબલે – ૨૧ સબલા દોષ રહિત, અતિચારરૂપ મેલ જરા પણ ન હોય. તે ૧૩, ૧૪ મે ગુણસ્થાને હોય.**

૩. પુલાકનો કલ્પ, શરીર, વેદે અને ભવ દ્વાર લખો.

**જ. પુલાકનો કલ્પ દ્વાર – ૩ કલ્પ. સ્થિત, અસ્થિત, સ્થવિરકલ્પી. શરીર દ્વાર – ૩ શરીર. ઔદારિક, તેજસ, કાર્મણ. વેદે દ્વાર – ૮ કર્મ વેદે. ભવ દ્વાર – પુલાક ભવ કરે તો જ. એક ભવ ઉ. ત્રણ ભવ (મનુષ્યના) કરે.**

૪. કષાયકુશીલનો પરિણામ અને જ્ઞાન દ્વાર લખો.

**જ. કષાયકુશીલનો પરિણામ દ્વાર – ૩ પરિણામ હિયમાન (ઘટતા), વર્ધમાન (વધતા), અવસ્થિત (સમાન). હિયમાન, વર્ધમાનની સ્થિતિ જ. ૧ સમય ઉ. અંત. અવસ્થિતની સ્થિતિ જ. ૧ સમય ઉ. ૭ સમય.**

**જ્ઞાન દ્વાર – કષાયકુશીલમાં ૨ જ્ઞાન (મતિ, શ્રુત), ૩ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ), ૩ જ્ઞાન (મતિ, શ્રુત,**

**મન:પર્યવ), ૪ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ). શ્રુત જ્ઞાન આશ્રી જ. અષ્ટપ્રવચન માતા ઉ. ૧૪ પૂર્વ.**

૫. નિર્ગ્રંથમાં દેશવિરતિનું કથન શા માટે કરેલું નથી? પુલાક કોનાથી હીન, અધિક અને છટ્ઠાણવડિયા?

**જ. નિર્ગ્રંથ ઉપશમ શ્રેણીથી પડતા કષાયકુશીલ થાય છે. શ્રેણીથી પડતા તરત જ દેશવિરતિ થતા નથી પણ કષાયકુશીલ થઈ પછી દેશવિરતિ થઈ શકે છે. માટે નિર્ગ્રંથમાં દેશવિરતિનું કથન કરેલું નથી. પુલાક પુલાક, કષાયકુશીલથી છટ્ઠાણવડિયા. બકુશ, પડિસેવણા, નિર્ગ્રંથ, સ્નાતકથી અનંતગુણહીન.**

૬. બકુશનો સ્થિતિ, વર્તમાન પર્યાય અપેક્ષા, ઉદીરણા દ્વાર લખો.

**જ. બકુશનો સ્થિતિ દ્વાર – એક જીવ અપેક્ષા જ. ૧ સમય ઉ. દેશે ઊણા ક્રોડપૂર્વ વર્ષ. ઘણા જીવો અપેક્ષા શાશ્વતા. વર્તમાન પર્યાય અપેક્ષા – જો હોય તો જ. ૧–૨–૩ ઉ. પ્રત્યેક સો. ઉદીરણા દ્વાર – ૬/૭/૮ ની ઉદીરણા કરે. ૬ ની કરે તો આયુષ્ય, વેદનીય વર્જીને. ૭ ની કરે તો આયુષ્ય વર્જીને.**

૭. સ્નાતક લોકમાં કેટલામા ભાગમાં હોય? શા માટે?

**જ. સ્નાતક લોકના અસંખ્યાતમાં ભાગમાં, ઘણા અસંખ્યાત ભાગોમાં અને સર્વ લોકમાં હોય. સ્નાતક કેવળ સમુ. ના સમયે શરીરસ્થ અથવા દંડ કે કપાટ અવસ્થામાં હોય ત્યારે લોકના અસંખ્યાતમાં ભાગમાં હોય. જ્યારે મંથન અવસ્થામાં હોય ત્યારે ઘણા અસંખ્યાત ભાગોમાં અને ચોથા સમયે સંપૂર્ણ લોકમાં હોય છે.**

૮. નિર્ગ્રંથનો આગરેશ દ્વાર, ભાવ દ્વાર અને સ્પર્શના દ્વાર લખો.

**જ. નિર્ગ્રંથનો આગરેશ દ્વાર – એક ભવમાં જ. ૧ વાર ઉ. ૨ વાર અને ઘણા ભવમાં જ. ૨ વાર ઉ. ૫ વાર આવે. ભાવ દ્વાર – ઉપશમ કે ક્ષાયિક ભાવમાં હોય. સ્પર્શના દ્વાર – અવગાઢ ક્ષેત્ર કરતા સ્પર્શના કંઈક અધિક જાણવી.**

૯. બકુશનો પરિણામ, ભવ, લેશ્યા અને બંધ દ્વાર લખો.

**જ. બકુશનો પરિણામ દ્વાર – ૩ પરિણામ હિયમાન (ઘટતા), વર્ધમાન (વધતા), અવસ્થિત (સમાન). હિયમાન, વર્ધમાનની સ્થિતિ જ. ૧ સમય ઉ. અંત. અવસ્થિતની સ્થિતિ જ. ૧ સમય ઉ. ૭ સમય. ભવ દ્વાર – જઘન્ય ૧ ઉત્કૃષ્ટ ૮ ભવ કરે. લેશ્યા દ્વાર – ત્રણ શુભ લેશ્યા હોય. બંધ દ્વાર – ૭/૮ કર્મ બાંધે.**

૧૦. દીક્ષા લેતી વખતે સાતમું ગુણસ્થાન કયા નિયંઠામાં હોય? તેને લિંગ, વેદ, સમુદ્ઘાત કેટલી? કઈ કઈ?

**જ. દીક્ષા લેતી વખતે સાતમું ગુણસ્થાન કષાયકુશીલ નિયંઠામાં હોય. લિંગ દ્વાર – દ્રવ્ય અપેક્ષા સ્વલિંગ, અન્યલિંગ કે ગૃહસ્થલિંગમાં હોય. ભાવ અપેક્ષા સ્વલિંગમાં જ હોય. વેદ ત્રણ વેદ અથવા અવેદી (ઉપશાંત કે ક્ષીણ). સમુદ્ઘાત છ તે વેદનીય, કષાય, મારણાંતિક, વૈક્રિય, તેજસ, આહારક.**

**(ઈ) સંજ્યાના આધારે જવાબ લખો. (૨૫)**

**(૧) કોઈપણ બે દ્વાર લખો. (૫)**

૧. આગરેશ દ્વાર (સંયમ કેટલીવાર આવે?)

**જ.**

| | એક ભવ આશ્રી | | ઘણા ભવ આશ્રી | |
|---|---|---|---|---|
| **ચારિત્ર** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| **૧. સામાયિક** | **એક વાર** | **પ્રત્યેક સો વાર** | **બે વાર** | **પ્રત્યેક હજાર વાર ૭૨૦૦ વાર** |
| **૨. છેદોપસ્થાપનીય** | **એક વાર** | **પ્રત્યેક વીસ વાર (૧૨૦ વાર)** | **બે વાર** | **નવસો વારથી અધિક ૯૬૦ વાર** |
| **૩. પરિહાર વિશુદ્ધ** | **એક વાર** | **ત્રણ વાર** | **બે વાર** | **સાત વાર** |
| **૪. સૂક્ષ્મ સંપરાય** | **એક વાર** | **ચાર વાર** | **બે વાર** | **નવ વાર** |
| **૫. યથાખ્યાત** | **એક વાર** | **બે વાર** | **બે વાર** | **પાંચ વાર** |

૨. ઉપસંપજ્જાણં દ્વાર (તે સ્થાનને છોડીને કયા સ્થાનમાં જાય) – **સામાયિક ચારિત્રી સામાયિક છોડે તો ૪ સ્થાને (છેદો., સૂક્ષ્મ., સંયમાસંયમ, અસંયમમાં) જાય. છેદો.વાળા છોડે તો પાંચ સ્થાને (સામા., પરિ.,**

**સૂક્ષ્મ., સંયમાસંયમ, અસંયમમાં) જાય. પરિ.વાળા છોડે તો બે સ્થાને (છેદો., અસંયમમાં) જાય. સૂક્ષ્મ. વાળા છોડે તો ૪ સ્થાને (સામા., છેદો., યથા., અસંયમમાં) જાય. યથા.વાળા છોડે તો ૩ સ્થાને (સૂક્ષ્મ., અસંયમ, મોક્ષમાં) જાય.**

૩. નિકાસે દ્વારનો અલ્પબહુત્વ – **સર્વથી થોડા સામા., છેદો.ના જ. સંયમ પર્યવ (પરસ્પર તુલ્ય), તેથી પરિહાર વિશુદ્ધના જ. સંયમ પર્યવ અનંતગુણા, તેથી પરિહાર વિશુદ્ધના ઉ. સંયમ પર્યવ અનંતગુણા, તેથી સામા., છેદો.ના ઉ. સંયમ પર્યવ અનંતગુણા, તેથી સૂક્ષ્મ સંપરાયના જ. સંયમ પર્યવ અનંતગુણા, તેથી સૂક્ષ્મ સંપરાયના ઉ. સંયમ પર્યવ અનંતગુણા, તેથી યથાખ્યાતના સંયમ પર્યવ અનંતગુણા પરસ્પર તુલ્ય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. ઘણા જીવ અપેક્ષા સામાયિકનું અંતર કેટલું પડે? શા માટે? છેદોપસ્થપનીયનો સંજ્ઞા, ભવ દ્વાર લખો.

**જ. ઘણા જીવ અપેક્ષા સામાયિકનું અંતર ન પડે કારણ કે શાશ્વત છે. છેદોપસ્થાપનીયનો સંજ્ઞા દ્વાર – સંજ્ઞાની ભજના (હોય અથવા ન હોય). ભવ દ્વાર – જ. ૧ ભવ ઉ. ૮ ભવ.**

૨. જે ચારિત્ર દશમા ગુણસ્થાને હોય તેનું નામ લખી તેનો પન્નવણા, ક્ષેત્ર (૧૧ મો), પડિસેવણા દ્વાર લખો.

**જ. સૂક્ષ્મસંપરાય ચારિત્રનો પન્નવણા દ્વાર – (૧૦ મું ગુણ.) તેના બે ભેદ ૧) સંકલેશ પરિણામ તે ઉપશમ શ્રેણીથી પડનારા ૨) વિશુદ્ધ પરિણામ તે ઉપશમ અને ક્ષપક શ્રેણી પર ચડનારા. ક્ષેત્ર દ્વાર – ૧૫ કર્મભૂમિમાં હોય. સંહરણ અપેક્ષા અકર્મભૂમિમાં પણ હોય. પડિસેવણા દ્વાર – મૂળગુણ અને ઉત્તરગુણ અપ્રતિસેવી.**

૩. યથાખ્યાત ચારિત્રના ગુણસ્થાન કયા? તેનો પરિમાણ અને આહાર દ્વાર લખો.

**જ. યથાખ્યાત ચારિત્રના ગુણસ્થાન ૧૧ થી ૧૪. પરિમાણ દ્વાર – વર્તમાન અપેક્ષા જ. ૧–૨–૩ ઉ. ૧૬૨ (૧૦૮ ક્ષપક, ૫૪ ઉપશમ) પૂર્વ પર્યાય અપેક્ષા નિયમા પ્રત્યેક ક્રોડ (કેવળી). આહાર દ્વાર – આહારક, અણાહારક બંને.**

૪. પરિહારવિશુદ્ધ ચારિત્રની એક જીવ અપેક્ષા સ્થિતિ કેટલી? શા માટે?

**જ. પરિહારવિશુદ્ધ ચારિત્રની સ્થિતિ એક જીવ અપેક્ષા જ. ૧ સમય ઉ. દેશઊણા (૨૯ વર્ષ) ક્રોડપૂર્વ વર્ષ. ક્રોડપૂર્વના આયુષ્યવાળો ૯ મા વર્ષે દીક્ષા લઈ ૨૯ મે વર્ષે પરિહાર વિશુદ્ધ ચારિત્ર અંગીકાર કરે, પછી ૧૮ મહિના પૂર્ણ થતા ફરી ફરી નિરંતર આ જ કલ્પને યાવત્ જીવન પાળે તેથી તેની ઉ. સ્થિતિ ૨૯ વર્ષ ઊણા ક્રોડપૂર્વની છે.**

૫. સૂક્ષ્મસંપરાય ચારિત્રનો બંધ, વેદ, ઉદીરણા, રાગ દ્વાર લખો.

**જ. સૂક્ષ્મસંપરાય ચારિત્રનો બંધ દ્વાર – ૬ કર્મ બાંધે. (મોહનીય, આયુષ્ય વર્જી). વેદ દ્વાર – અવેદી (ઉપશમ કે ક્ષીણ). ઉદીરણા દ્વાર – ૬/૫ કર્મની ઉદીરણા કરે. (પાંચની કરે તો આયુષ્ય, વેદનીય, મોહનીય વર્જીને). રાગ દ્વાર – સરાગી.**

૬. પરિહાર વિશુદ્ધિનો જ્ઞાન દ્વાર અને સામાયિકનો સંયમ સ્થાન, કષાય દ્વાર લખો.

**જ. પરિહાર વિશુદ્ધિનો જ્ઞાન દ્વાર – ૨–૩–૩–૪ જ્ઞાન જ. ૯ મા પૂર્વની ત્રીજી આચાર વત્થુ સુધી ઉ. ૧૦ પૂર્વમાં ન્યૂન. સામાયિકનો સંયમ સ્થાન – અસંખ્ય સંયમસ્થાન હોય, કષાય દ્વાર – સંજવલનના ૪–૩–૨ કષાય હોય.**

૭. યથાખ્યાત ચારિત્રનો લેશ્યા અને ગતિ દ્વાર લખો. કેટલી પદવી લાભે?

**જ. યથાખ્યાત ચારિત્રનો લેશ્યા દ્વાર – ૧ શુક્લ લેશ્યા અથવા અલેશી અને ગતિ દ્વાર – ઉપશાંત યથાખ્યાત પાંચ અનુત્તર વિમાન અજઘન્ય અનુત્કૃષ્ટ ૩૩ સાગર. ક્ષીણ યથાખ્યાત મોક્ષ સાદિ અનંત. યથા. ઉપશાંત મોહી અહમેન્દ્ર પદ પામે. યથા. ક્ષીણ મોહી મોક્ષે જાય.**

૮. જે ચારિત્ર વડી દીક્ષા વખતે અપાતું હોય તેનો સમુદ્ઘાત, સ્પર્શના, ઉપયોગ અને કલ્પ દ્વાર લખો.

**જ. છેદોપસ્થાપનીય ચારિત્રનો સમુદ્ઘાત દ્વાર – ૭ સમુદ્ઘાત (કેવળ વર્જી). સ્પર્શના દ્વાર – અવગાઢ ક્ષેત્ર કરતા સ્પર્શના કંઈક અધિક જાણવી. ઉપયોગ દ્વાર – સાકાર, અનાકાર ઉપયોગ બંને. કલ્પ દ્વાર – ૩ કલ્પ સ્થિત, સ્થવિર, જિનકલ્પ).**

(૩) ખાલી જગ્યા પૂરો. (૪)

| | જવાબ |
|---|---|
| ૧. અતીર્થમાં...... અને ...... હોય. | તીર્થંકર, પ્રત્યેક બુદ્ધ |
| ૨. ...... અને ...... ચારિત્રમાં અસ્થિત કલ્પ હોતો નથી. | છેદોપસ્થાપનીય, પરિ.વિ. |
| ૩. સંકલેશ પરિણામ ...... ચારિત્રમાં હોય છે. | સૂક્ષ્મસંપરાય ચારિત્ર |
| ૪. સૂક્ષ્મસંપરાયવાળા શ્રેણીથી ઉતરે ત્યારે ...... અથવા ...... ચારિત્રમાં જાય અને શ્રેણી ચડતા ...... ચારિત્રમાં જાય. | સામાયિક, છેદોપસ્થાપનીય, યથાખ્યાત |

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જયઘોષ–વિજયઘોષ વાર્તા પરથી શું બોધપાઠ મળે છે? (૫)

**જ. સાધુ પોતે સંસારની અને કામભોગની ક્ષણિકતા અને અસારતાને સમજીને સાધનાના માર્ગે પુરુષાર્થ કરતા જ હોય છે. સાથે સંસારના બીજા જીવો પણ આ ઘોર સંસાર સાગરને પાર કરી જાય તેવી અપાર કરૂણા દૃષ્ટિ તેઓના અંતરમાં હંમેશા રહે છે. આ સંસાર સાગર સમાન છે, તેમાં જન્મ–મરણના તેમ જ સાત ભયના વમળો નિરંતર ઉઠતા રહે છે. તે વમળોને પાર કરવા અત્યંત દુષ્કર છે, વ્યક્તિ તે વમળમાં ડૂબતી જાય છે, માટે તેમાંથી બહાર નીકળી જવાનો સંદેશ આ અધ્યયન દ્વારા સહુને મળે છે.**

૨. બ્રાહ્મણ અને ક્ષત્રિય કોણ છે? વિજયઘોષે શા માટે જયઘોષને જ્ઞાતા અને પારગામી કીધા? (૨×૫)

**જ. જે આત્મ સ્વરૂપને જાણે છે, આત્મકલ્યાણ માટે કામ કરે છે, તે બ્રાહ્મણ છે. જે પ્રાણીઓની રક્ષા કરે અને તેના દુઃખો દૂર કરે તે ક્ષત્રિય છે. વિજયઘોષે જયઘોષને જ્ઞાતા અને પારગામી કીધા કારણ કે જયઘોષ આત્મ શુદ્ધિનું જ્ઞાન થાય તેવી સાચી વેદવિદ્યાના જ્ઞાતા હતા. સંયમ અને તપરૂપી ધર્મના પારગામી હતા.**

૩. જયઘોષે કેટલા મહાવ્રત લીધા? તેઓ કઈ નગરીમાં પધાર્યા? શેનું તપ કરતા હતા? પારણામાં કોને ત્યાં પધાર્યા?

**જ. જયઘોષે ૫ મહાવ્રત લીધા. તેઓ બનારસ પધાર્યા. માસક્ષમણનું તપ કરતા હતા. પારણામાં વિજયઘોષની યજ્ઞશાળામાં પધાર્યા.**

૪. વેદ, યજ્ઞ, નક્ષત્ર અને ધર્મનું મુખ શું છે?

**જ. વેદોમાં મુખ્ય અગ્નિહોત્ર છે. યજ્ઞનું મુખ યજ્ઞાર્થી છે. નક્ષત્રનું મુખ ચંદ્ર છે. ધર્મનું મુખ કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીર સ્વામી છે.**

૫. વિજયઘોષ રસયુક્ત ભોજન કોને આપવાના ઈચ્છુક છે?

**જ. બ્રાહ્મણ હોય, વેદના જાણકાર હોય, યજ્ઞ કરનાર હોય, જ્યોતિષ આદિ અંગોના જાણકાર હોય, ધર્મશાસ્ત્રમાં પારંગત હોય તથા જે પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ હોય તેઓને દેવા માટે આ રસયુક્ત ભોજન છે.**

૬. બીજા અણુવ્રતને અને ચોથા અણુવ્રતને આધારિત બ્રાહ્મણ કોને કહેવાય?

**જ. જે ક્રોધથી, ભયથી, હાસ્યથી અને લોભથી અસત્ય વચન બોલતા નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે મન,વચન અને કાયાથી મૈથુનનું સેવન કરતા નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

**૧. યઃ સંસ્તુતઃ સકલ વાઙ્મય તત્ત્વબોધા, દુદ્ભૂત બુદ્ધિ પટુભિઃ સુરલોક નાથૈઃ ।**
**સ્તોત્રૈ ર્જગત્ત્રિતય ચિત્ત હરૈઃ રૂદારૈઃ, સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ।।**

**અર્થ : સમસ્ત શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન નિપુણ બુદ્ધિ વડે ત્રણ લોકના ચિત્તનું હરણ કરનારા અને મહાન અર્થવાળા એવા સ્તોત્રો વડે ચતુર એવા દેવોના ઈન્દ્રોએ પણ જેમની સારી રીતે સ્તુતિ,**

સ્તવના કરેલી છે એવા પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવે ભગવાનની હું પણ સ્તુતિ–સ્તવના કરીશ.

૨. વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંક કાન્તાન્, કસ્તે ક્ષમઃ સુરગુરુ પ્રતિમોઽપિ બુદ્ધ્યા?
કલ્પાંતકાલ પવનોદ્ધત નક્ર ચક્રં, કો વા તરીતુમલમ્બુનિધિં ભુજાભ્યામ્ ।।

અર્થ : હે ગુણસમુદ્ર પ્રભુ ! પ્રલયકાળની આંધીથી જેમાં મગરમચ્છ વગેરે ભયંકર જળચર પ્રાણીઓ ઊછળી રહેલા છે, તેવો સમુદ્ર પોતાના બે હાથ વડે તરવાને કયો મનુષ્ય શક્તિમાન છે, તેવી જ રીતે તમારા ચંદ્ર જેવા ઉજ્જવળ ગુણોને કહેવા માટે દેવોના ગુરુ બૃહસ્પતિ જેવા બુદ્ધિમંત પણ શું સમર્થ છે? ના નથી.

૩. આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષમ્, ત્વત્સંકથાઽપિ દુરિતાનિ હન્તિ ।
દૂરેઃ સહસ્ત્ર કિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાસ ભાંજિ ।।

અર્થ : સમસ્ત પાપોનો નાશ કરનારું તમારું સ્તવન તો દૂર રહો ! પણ આપના ચારિત્રની રૂડી કથા માત્ર ત્રણે જગતના જીવોના પાપોને હણી નાંખે છે. તે જેમ સૂર્ય તો દૂર છે, છતાં માત્ર તેની પ્રભા જ સરોવરમાં રહેલા પદ્મકમળોને વિકસાવે છે તેમ.

**(૨) નીચેના વાક્યો કઈ ગાથાના છે તે ગાથા લખો. (અર્થ નહીં) (૩)**

૧. આપના સમાન રૂપવંત બીજું કોઈ નથી.

જ. યૈઃ શાંતરાગ રુચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્માપિતસ્ત્રિભુવનૈક લલામ ભૂત !
તાવન્ત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ।।

૨. પોતાના સમાન અવશ્ય કરે છે.

જ. નાત્યદ્ભૂતં ભુવન ભૂષણ ! ભૂતનાથ ! ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમ ભિષ્ટુવન્ત ।
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા ! ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મસમં કરોતિ ।।

જય – જિનેન્દ્ર